# IMPORTANCE OF FORENSIC MEDICINE IN POLICE INVESTIGATION
# પોલીસ તપાસમાં ફોરેન્સિક મેડીસીનનું મહત્વ

- *S K Choudhary*

ફોરેન્સિક એટલે ન્યાય સહાયક ,ન્યાય ને લગતું તેની બે મુખ્ય શાખાઓ

૧. ફોરેન્સિક સાયન્સ

૨. ફોરેન્સિક મેડીસીન

બન્ને શાખાઓ ગુનાની તપાસ અને ઉકેલમાં આગવું સ્થાન ઘરાવે છે.

ફોરેન્સિક શબ્દ લેટીન ભાષના "ફોરેન્સિસ" ઉપર થી ઉતરી આવ્યો છે. જેનો અર્થ " જાહેર સ્થળ" થાય છે.રોમમા "Forum" એટલે પ્રજાજનોએ શહેર અને કાયદાને લગતા વિષયો ની ચર્ચા કરવાનું જાહેર સ્થળ.

ફોરેન્સિક મેડીસીન એ તબીબી વિજ્ઞાનની એક અલગ શાખા છે. ફોરેન્સિક મેડીસીન એટલે મેડીસીનની એવી શાખા કે જેના ધ્વારા મેડીકલ જ્ઞાન અને સિધ્ધાંતોનો ઉપયોગ કરીને કાયદાકીય રીતે ઉદ્દભવતા પ્રશ્નોના ઉકેલ લાવવામાં ઉપયોગી થતી શાખા.

ફોરેન્સિક મેડીસીનને લિગલ મેડીસીન તરીકે પણ ઓળખવામાં આવે છે. બીજી રીતે કહીએ તો કાયદાના વહીવટ માટે ઉપયોગમાં આવતું તબીબી જ્ઞાન એટલે ફોરેન્સિક મેડીસીન

**તબીબી વિજ્ઞાનઃ–**

તબીબી વિજ્ઞાન શરીર સબંધી ગુનાઓમાં, શરીરની રચના, શસ્ત્રક્રિયા, જન્મક્રિયા ઉપરાંત તેની સાથે સંકળાયેલ સંબધીત વિજ્ઞાનો જેવા કે પેથોલોજીકલ લેબોરેટરી પરીક્ષણ, રસાયણ પરીક્ષણ વિગેરે સાથે સંકળાયેલ વિજ્ઞાન છે.

તબીબીની પ્રાથમીક ફરજ દર્દીની સારવાર કરવાની છે. પરંતુ કેટલાક સંજોગોમાં થયેલી ઈજા, ગુનાહિત ઈજા, ગુનાહિત મૃત્યુ વિગેરે બાબતો ગુનાહિત છે કે કેમ કે પછી અકસ્માતના સંજોગો છે કે કેમ ? આવી તમામ હકીકતે ઉદ્દભવતા પ્રશ્નો બાબતે ફોરેન્સિક મેડીસીન ધ્વારા ન્યાય પ્રણાલીમાં મદદરૂપ થવા ફોરેન્સિક મેડીસીનના તજજ્ઞ (એક્સ્પર્ટ) ધ્વારા તપાસ કરવાની રહે છે. જે ફોરેન્સિક મેડીસીનનો વિષય છે.

**પોલીસ તપાસ અને પોલીસની ફરજઃ–**

પોલીસની મુખ્ય કામગીરીમાં વિવિધ ગુનાઓ અન્વયે કાયદાકીય જ્ઞાનનો ઉપયોગ કરીને તપાસ કરવાની તેમજ ગુન્હાનો ઉકેલ લાવવાની તેમજ બનતા ગુનાઓને અટકાવવા ના પ્રયત્નો કરવાની મુખ્ય ફરજ છે. ગુનાના સ્થળે પહોંચ્યા પછી પોલીસ જરૂરી પુરાવાઓ એકત્ર કરવાની પ્રક્રિયા હાથ ધરે છે. જરૂર પડયે ગુનાના ઉકેલ માટે પોલીસ વિવિધ શાખાના તજજ્ઞોની મદદ મેળવે છે. જે પૈકી ફોરેન્સિક મેડીસીન શાખાની પણ વિવિધ ગુન્હાઓ સંદર્ભે મદદ મેળવવામાં આવે છે.

ભારતીય ફોજદારી દંડસહિતામાં શરીર સબંધી અને મિલકત સંબધી ગુનાઓની તપાસ મહત્વની છે. પોલીસ તપાસમાં સામાન્ય રીતે મોટા ભાગના શરીર સંબધી અને મિલ્કત સંબધી હોય છે. અને ઘણીવાર આ બંને પ્રકારના ગુનાઓ એક બીજા સાથે સંકળાયેલા હોય છે. આવા ગુનાઓ મહદઅંશે પોલીસ અધિકારના ગુનાઓ છે. જેમને રાજય સામેના ગુનાઓ તરીકે ગણવામાં આવ્યા છે.

શરીર સંબધી ગુનાઓની જાણકારી પોલીસ તંત્રને મળી રહે તે હેતુથી મેડીકો લીગલ કેસ તરીકે આવા ગુનાઓને વર્ગીકૃત કરવામાં આવ્યા છે. તેમજ આવા ગુનાઓમાં સરકારી કે બિનસરકારી હોસ્પીટલ કે દવાખાનામાં તબીબી સારવાર દરમ્યાન પોલીસ મથકોને જાણકારી  આપવામાં આવે છે. સરકારી હોસ્પીટલમાં આ બાબતે પોલીસ ટેબલ ની વ્યવસ્થા કરવામાં આવે છે. અહીં ફરજ બજાવનાર  પોલીસ મેડીકો લીગલ કેસની જાણકારી સંબધીત પોલીસ મથકને આપે છે. અને તપાસ માટે તંત્ર ગતિમાન બને છે.

**શરીર સંબધી વિવિધ ગુનાઓઃ–**

૧. ઈજા

૨. હત્યા

૩. આત્મહત્યા

૪. જાતિયા હુમલા

૫. દાઝવું

૬. ઝેર પીવાથી મૃત્યુ

૭. ગુંગળામણથી મૃત્યુ

૮. ડૂબવાના કિસ્સા

૯. ગળે ટૂંપાં આપવાના કિસ્સા

૧૦. લટકી જવાના કિસ્સા વિગેરે

ઉપરોકત મુખ્ય શરીર સંબધી ગુનાઓ સહીત તમામ પ્રકારના ગુનાઓમાં ફોરેન્સિક મેડીસીનની મદદ મેળવવામાં આવે છે.

**તપાસઃ–**

તપાસ એટલે ગુનાહીત પ્રવૃતિઓ સાથે સંકળાયેલ વ્યકિતઓ અને વસ્તુઓ બાબતે ઝીણવટભર્યુ પરીક્ષણ કરી સત્ય શોધી તેને બહાર લાવવાની પધ્ધતિસર ની કામગીરી ને તપાસ કહેવામાં આવે છે.

તમામ મેડીકો લિગલ કેસમાં પોલીસ તપાસમાં ફોરેન્સિક  મેડીસીનની મદદ અને તેમના ધ્વારા કરવામાં આવતાં અવલોકનો અને અવલોકનોને અંતે આપવામાં આવતો અભિપ્રાય પોલીસ તપાસમાં ખૂબજ મહત્વનો ભાગ ભજવે છે. જેથી ગુનો ઉકેલવવામાં તેમજ તેને સાબીત કરવા માટે તે એક અગત્યનો પુરાવો બની રહે છે.

આ ઉપરાંત ફોરેન્સિક મેડીસીન ધ્વારા નીચે મુજબના કાર્યો કરવામાં આવતાં હોઈ તે અન્વયે પણ પોલીસ તપાસમાં જરૂર જણાયે મદદ લઈ શકાય છે.

- પોસ્ટ મોર્ટમ
- ઉંમરની ધારણા
- તજજ્ઞ અભિપ્રાય
- ઝેર સંદર્ભના બનાવોમાં અવલોકન તેમજ અભિપ્રાય
- જાતિય હુમલાઓના બનાવોમાં તપાસ
- શંકાસ્પદ મૃત્યુમાં દાટી દીધેલ લાશની તપાસ

**પોલીસ તપાસમાં ફોરેન્સિક મેડીસીનની ઉપયોગીતાઃ–**

- શંકાસ્પદ મૃત્યુ કે અપમૃત્યુના બનાવોમાં જયારે પણ પોલીસ ધ્વારા કે સગાસંબધી ધ્વારા મૃત્યુ બાબતે શંકા વ્યકત કરવામાં આવે છે. ત્યારે તેને શબ પરીક્ષણ માટે મોકલવામાં આવે છે.
- ઈજા કે ઈજા થી હત્યાના બનાવોમાં ફોરેન્સિક મેડીસીન ધ્વારા થયેલી ઈજાનું સ્થાન, ઘા ની સ્થિતિ લંબાઈ, પહોળાઈ કયા પ્રકારના હથિયારથી આવા ઘા થઈ શકે તેની જાણકારી ઉપરાંત તેની ગંભીરતાની જાણકારી મેળવી શકાય છે.
- મૃતકનું મૃત્યુ થવાનું કારણ, મૃતકની ઓળખ, શરીર પરના ચિન્હોનું ઝીણવટભર્યુ પરીક્ષણ, મૃત્યુ કેટલા સમય પહેલાં થયું હતું ? મૃતકની શરીર સ્થિતિ મૃતકનું મૃત્યુ કયા કારણોસર થયું હશે? કયા પ્રકારના હથીયાર ધ્વારા કે અન્ય કઈ રીતે મૃત્યુ થયું હશે? તેવી તમામ વિગતોની જાણકારી ફોરેન્સિક મેડીસીન ધ્વારા મેળવી શકાય છે.
- અજાણી લાશ મળી આવી હોય તેવા કિસ્સામાં પણ ફોરેન્સિક મેડીસીનની મદદ મેળવી શકાય છે. જે પૈકી મૃતકની ઓળખ તેની આશરે ઉંમર શરીર પરની ઈજાઓ, મૃત્યુ થવાનું કારણ, મૃત્યુ થયાનો સમય, વિગેરે બાબતે અભિપ્રાય મેળવી શકાય.
- હાડપિંજર મળી આવેલ હોય તેવા કિસ્સાઓમાં ફોરેન્સિક મેડીસીન ધ્વારા તે પુરૂષનું છે કે કે સ્ત્રીનું ? આશરે ઉંમર વિગેરે બાબતોની જાણકારી પોલીસ તંત્રને મળી શકે છે.
- જાતિય ગુનાઓના સંદર્ભમાં બળાત્કાર થયેલ છે કેમ ? ભોગ બનનારની શારિરીક સ્થિતિ, શરીર ઉપરના ઉઝરડા નખ વાગવાના નિશાન વિગેરેની માહીતી ફોરેન્સિક મેડીસીન ધ્વારા પ્રાપ્ત કરી શકાય છે.
- લટકીને ગળે ફાંસો ખાવાના કિસ્સામાં આત્મહત્યા કે હત્યા વિશેનો અભિપ્રાય ફોરેન્સિક મેડીસીન આપી શકે છે.
- ઈલેકટ્રીક શાક લાગવાના કિસ્સામાં મૃત્યુ ખરેખર વિદ્યુત પ્રવાહ ને કારણે થયેલ છે કે કેમ ? તે અંગેનો અભિપ્રાય ફોરેન્સિક મેડીસીન ધ્વારા મેળવી શકાય છે.
- શરીર પરના ઘા કે ઈજાઓ એન્ટીમોર્ટમ છે કે પોસ્ટમોર્ટમ? તે વિશે અભિપ્રાય મેળવી શકાય છે.
- એન્ટીમોર્ટમ ઈજાઓ એટલે કે મૃત્યુ પહેલાંની ઈજાઓ જયારે પોસ્ટમોર્ટમ ઈજાઓ એટલે કે મૃત્યુ પછીની ઈજાઓ
- ડૂબીને મૃત્યુ પામવાના કિસ્સામાં ભોગ બનનારનું મૃત્યુ આત્મહત્યા કે હત્યા છે તે વિશે અવલોકનો ને આધારે ફોરેન્સિક મેડીસીન અભિપ્રાય આપે છે.
- મૃત નવજાત શીશુ મળી આવ્યેથી ફોરેન્સિક મેડીસીન અભિપ્રાય મહત્વનો બની રહે છે. નવજાત શીશુ મૃત જન્મેલ કે જન્મ પછી મૃત્યુ પામેલ છે ? મૃત્યુનું કારણ વિગેરે માહીતી મેળવી શકાય છે.
- ઝેર પીવાથી થતાં મૃત્યુના કિસ્સાઓમા શરીરમાં જોવા મળતાં બાહય તેમજ આંતરિક ચિન્હોનું ઝીણવટભર્યુ પરીક્ષણ કરવાથી ભોગ બનનારનું મૃત્યુ ઝેરી અસરને કારણે થયેલ છે કે કેમ ? તેના વિશે પણ અભિપ્રાય મેળવી શકાય છે.
- દારૂ કે આલ્કોહોલ પીવાના કિસ્સામાં તબીબ ધ્વારા પ્રાથમિક અભિપ્રાય આપી શકે છે. અને તે વિશે પ્રમાણપત્ર મેળવી શકાય છે.

- ઘાતક હૂમલાની ઘટનામાં ઈજાઓ વિશે ની વિસ્તૃત માહીતી મેળવી તે બાબતનું વિસ્તૃત પ્રમાણપત્ર ફોરેન્સિક મેડીસીન આપે છે. જે પાછળથી ન્યાય ની કચેરીમાં પુરાવા તરીકે રજુ કરી શકાય છે.
- સ્ત્રીના બળી જવાના કિસ્સામાં બળવાની ગંભીરતાની ડિગ્રીની જાણકારી મેળવી શકાય છે.
- દાટી દેવાયેલ શબ બાબતે શંકા સેવવામાં આવી હોય ત્યારે આવા શબને ખોદી બહાર કાઢીને જે તે સ્થળ ઉપર શબ પરીક્ષણ કરીને ફોરેન્સિક મેડીસીન ધ્વારા મૃત્યુ બાબતને અભિપ્રાય મેળવી શકાય છે.
- આમ ફોરેન્સિક મેડીસીન પોલીસ તપાસમાં એક અતિ ઉપયોગી અંગ પુરવાર થયેલ છે. ફરજ પરના તબીબને બનાવ બાબતની વિસ્તૃત માહીતી પોલીસ ધ્વારા પૂરી પાડવી જરૂરી છે. તેમજ જરૂરી સંમતિ, પોલીસ ઈન્કવેસ્ટ રીપોર્ટ, શબ ચલણ બનાવ વિશેની વિસ્તૃત માહિતી જેવી માહિતી પુરી પાડવી જરૂરી છે.